દાખલ થયા તારીખ : ૨૩/૧૨/૧૫

રજી.લીધા તારીખ : ૨૩/૧૨/૧૫

નિકાલ તારીખ : ૧૮/૦૪/૨૩

સમય : વર્ષ–૦૭, માસ–૦૩, દિવસ–૨૬

सत्यमेव जयते

## અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, શ્રી એમ.એ.મકરાણી સાહેબની કોર્ટ નં.૧૪ માં, મુ.અમદાવાદ

ક્રિ.કેસ નં. ૧૪૦૧૬૨૪/૨૦૧૫

આંક–૧૧

ફરીયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– ૧) ઇમરાન બાનુભાઇ શેખ

૨) યામિન ઉર્ફે આમીન બાનુભાઇ શેખ

તમામ રહેવાસીઃ ગોવિંદ પટેલની ચાલી, ખારાકુવા સામે, દાણીલીમડા, અમદાવાદ

તહોમત :– ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ.

**<u>ફરીયાદપક્ષે</u> :- <u>વિ.એ.પી.પી.શ્રી ભાવિનીબેન જાની.</u>**

**<u>આરોપી પક્ષે</u> :- <u>વિ.વકીલ શ્રી આઈ.જે. મકરાણી.</u>**

## – ૦ <u>જ જ મે ન્ટ</u> ૦–

**૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૬/૦૮/૨૦૧૫ ના રોજ ગોવિંદ પટેલની ચાલી આગળ ફરિયાદીને જાહેરમાં ગળદાપાટુનો માર મારી, ગંદી ગાળો બોલી, સાહેદ તથા ફરિયાદીએ ગાળો નહીં બોલવાનું કહેતા અન્ય આરોપી તલવાર લઈ આવી ફરિયાદીને ઈજાઓ કરેલ તેમજ સાહેદને પણ ઈજઓ કરી, વધુ માર મારવાની ધમકીઓ આપી ગુન્હો કરેલ, આ અંગેની ફરીયાદીએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપતા, દાણીલીમડા પોલીસ સ્ટેશને સે.ગુ.ર.નં. ૩૨૯૩/૨૦૧૫ થી ઈ.પી.કો.કલમ-૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરેલ અને આરોપીઓની અટક કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ સામે ચાર્જશીટ કરેલ છે.

**૨)** સદર કામે આરોપીઓ વિરુધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ બજવણી બાદ આરોપીઓ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ ની જોગવાઈનું પાલન કરી, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપી, તે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૧ અન્વયે આરોપીઓને ગુના અંગે સમજ કરી, આંક-૦૨ થી આરોપીઓ વિરૂદ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીઓને ગુનાની કબુલાત અંગે પુછતા તેઓને ગુનો કબુલ નથી, કેસ આગળ ચલાવવાનો છે. તેમ જણાવતા, આંક- ૦૩ અને ૦૪ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરી કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

**૩)** આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

**૧.** આંક-૦૬ થી ફરિયાદી મો.હનિફ અલ્લારખાભાઇ શેખની જુબાની.

**૨.** આંક-૦૮ થી સાહેદ આશીફ પીરમોહંમદ શેખની જુબાની.

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

**૧.** આંક–૦૭ થી ફરીયાદ.

**૨.** આંક–૦૯ થી હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામું.

**૩.** આંક–૧૦ થી ક્લોઝીંગ પુરસીસ.

**૪)** ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ થયેલ નથી. ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને લેતાં આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો જણાતો ન હોઈ સદર કામે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫)** ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોઈ, આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

**૬)** જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓ વંચાણે લેતાં આરોપીઓ વિરુઘ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોઈ, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૭)** આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– ૦ <u>મુદ્દાઓ</u> ૦ –**

**૧...** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૬/૦૮/૨૦૧૫ ના રોજ ગોવિંદ પટેલની ચાલી આગળ ફરિયાદીને જાહેરમાં ગળદાપાટુનો માર મારી, ગંદી ગાળો બોલી, સાહેદ તથા ફરિયાદીએ ગાળો નહીં બોલવાનું કહેતા અન્ય આરોપી તલવાર લઈ આવી ફરિયાદીને ઈજાઓ કરેલ તેમજ સાહેદને પણ ઈજઓ કરી, વધુ માર મારવાની ધમકીઓ આપી, ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧)

મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨...** શું હુકમ ?

૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧...** નકારાત્મક.

**૨...** આખરી હુકમ મુજબ.

૯) ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

## **– ૦ કા ર ણો ૦–**

**મુદ્દા નં. ૧ :–**

સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરુઘ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુનો શંકારહીત પુરવાર કરવો જોઈએ. આરોપી તરફે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે. તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવું જોઈએ અને જો કોઈ પોતાનો વિશેષ બચાવ હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં, પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષ તરફે આરોપીઓ વિરુઘ્ધ શંકારહિતનો પુરાવો રજુ કરવો જોઈએ, તેવું કાયદાનું ધોરણ છે.

**૧૦)** ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્વારા પુરવાર થવી મહત્વની અને જરુરી છે.

**૧૧)** ફરીયાદપક્ષ તરફે આંક–૦૬ થી ફરિયાદી મો.હનિફ અલ્લારખાભાઇ શેખને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપીઓ તેઓના સગા થાય છે બનાવ દિવસે સામાન્ય બોલાચાલી થતા આવેશમાં આવી ફરિયાદ આપેલી. જે સદર કામે આંક–૦૭ થી રજુ છે. વધુમાં આ સિવાય કંઇ બનેલ નથી, તેઓને કેસ આગળ

ચલાવવો નથી તેમ જણાવેલ છે. સદર ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક હકીકતો જણાવતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરીગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરેલ છે તેમાં પણ કોઇ ફળદાયી હકીકતો જણાવેલ નથી.

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થતા ફરિયાદ આપેલી, આરોપીઓએ તેઓને કોઇ ગાળાગાળી કરેલ નથી કે માર મારેલ નથી કે હથિયાર વડે ઇજા કરેલ નથી, બનાવ સમયે આરોપીઓના હાથમાં હથિયાર હતું નહીં તેમજ ફરિયાદી તથા તેઓના બાઇને બાઇક પરથી પડી જવાથી ઈજાઓ થયેલી તેમ જણાવેલ છે.

સદર ફરિયાદીની સોગંદ પરની સરતપાસ વંચાણે લેતા તેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક હકીકતો જણાવતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરીગયેલા સાહેદ જાહેર કરેલ છે તેમજ આરોપી તરફે ફરિયાદીની ઉલટતપાસ વંચાણે લેતા, ફરિયાદ હકીકતથી તદ્દન વિરોધાભાષી હકીકતો જણાવતા હોય ત્યારે આ કામના આરોપીઓએ કહેવાતો ગુન્હો કરેલ હોય તે મુજબની કોઇ હકીકત ફરિયાદી પોતાની જુબાનીમાં પુરવાર કરી શકેલ ન હોવાનું જણાઇ આવે છે તેમજ ફરિયાદીની સોગંદ પરની જુબાનીમાં ફરિયાદ હકીકતથી વિરોધાભાષી હકીકતો ઉપર આધાર રાખી આ કામના આરોપીઓએ ગુન્હો કરેલ હોય તેવું સાબિત થઇ શકે તેમ ન હોય, જેથી સદર ફરીયાદીની જુબાની માન્ય રાખી શકાય તેમ નથી.

**૧૨)** ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ થી સાહેદ આશીફ પીરમોહંમદ શેખને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, ફરિયાદી તેઓના ભાઇ થાય છે બનાવમાં સામાન્ય બોલાચાલી થતા તેઓના ભાઇ હનિફે ફરિયાદ આપેલી. જેમાં પોલીસે તેઓનો જવાબ લીધેલો તેમ જણાવેલ છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક હકીકતો જણાવતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરીગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરેલ છે તેમાં પણ કોઇ ફળદાયી હકીકતો જણાવેલ નથી.

બાદમાં બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપીઓએ તેઓને કે તેઓના ભાઇને કોઇ માર મારેલ નથી કે ગાળાગાળી કરેલ નથી કે જાનથી મારીનાખવાની ધમકી આપેલ નથી બનાવના દિવસે આરોપીઓના હાથમાં હથિયાર હતું નહીં તેમ જણાવેલ છે.

સદર સાહેદની સોગંદ પરની સરતપાસ વંચાણે લેતા તેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક હકીકતો જણાવતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરીગયેલા સાહેદ જાહેર કરેલ છે તેમજ આરોપી તરફેની ઉલટતપાસ વંચાણે લેતા, બનાવ હકીકતથી તદ્દન વિરોધાભાષી હકીકતો જણાવતા હોય ત્યારે આ કામના આરોપીઓએ કહેવાતો ગુન્હો કરેલ હોય તે મુજબની કોઇ હકીકત સાહેદ તેઓની જુબાનીમાં પુરવાર કરી શકેલ ન હોવાનું જણાઇ આવે છે. સદર સાહેદની જુબાની પર આધાર રાખી આ કામના આરોપીઓએ ફરિયાદ હકીકત મુજબનો ગુન્હો કરેલ હોય કે ગુન્હામાં તેઓની સંડોવણી હોય તેવું સાબિત થઇ શકે તેમ ન હોય, જેથી સદર સાહેદની જુબાની પર આધાર રાખી આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય તેમ જણાઇ આવતું નથી.

**૧૩)** આમ, આ કામે રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને નજર સમક્ષ રાખી પુરાવાનું મુલ્યાંકન કરતા, અગાઉ જણાવ્યા પ્રમાણે આરોપીઓ સામેના ગુન્હાના કોઈપણ ગુન્હાહીત તત્વોનો પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેમજ આ કામમાં ફરીયાદપક્ષે ફરિયાદી તથા સાહેદને સોગંદ ઉપર તપાસેલા છે. સદર ફરીયાદી તથા સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. જેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરીગયેલા સાહેદ જાહેર કરેલ છે તેમજ ફરિયાદપક્ષે સદર કામે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી. આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામના આરોપીઓએ તા.૦૬/૦૮/૨૦૧૫ ના રોજ ગોવિંદ પટેલની ચાલી આગળ ફરિયાદીને જાહેરમાં ગળદાપાટુનો માર મારી, ગંદી ગાળો બોલી, સાહેદ તથા ફરિયાદીએ ગાળો નહીં બોલવાનું કહેતા અન્ય આરોપી તલવાર લઇ આવી ફરિયાદીને ઈજાઓ કરેલ તેમજ સાહેદને પણ ઈજઓ કરી, વધુ માર મારવાની ધમકીઓ આપી, ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક આપવામાં આવેલ છે અને મુદ્દા નં.૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## **– ૦ હુ ક મ ૦–**

આ કામના આરોપી નં.**(૧)**ઈમરાન બાનુભાઇ શેખ, **(૨)**યામિન ઉર્ફે આમીન બાનુભાઇ શેખ તમામ રહે. ગોવિંદ પટેલની ચાલી, ખારાકુવા સામે, દાણીલીમડા, અમદાવાદ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪

તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ લોખંડની તલવારનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.**૧૮,** માહે–**એપ્રિલ,** સને–**૨૦૨૩** ના રોજ અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૩
અમદાવાદ

**(એમ.એ. મકરાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
**GJ-01007**